BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વિશિષ્ટ ગ્રંથાલય : પરીચય

**દક્ષા ગોવિંદભાઈ પટેલ**

**ટૂંકસાર :**

વિશિષ્ટ ગ્રંથાલય એટલે વિશિષ્ટ હેતુ માટેનાં ગ્રંથાલય. જે કોઇ એક વિશિષ્ટ વિષય અથવા વિષયજૂથ સાથે સતત સંબંધ ધરાવે છે. જે વિશિષ્ટ સંસ્થાના કે જૂથના સમાન હેતુ ધરાવતા વિશિષ્ટ વિષય કે ક્ષેત્રનાં વિશિષ્ટ ઉપયોગકર્તાઓની માંગને અખંડ સેવા પૂરી પાડે છે. આવા ગ્રંથાલયો જે તે માતૃસંસ્થાના દરેક સભ્યને જરુરીયાત મુજબ માહિતી યથા સમયે પૂરી પાડવા માટે અસ્તિત્વ ધરાવે છે. તેનું મહત્વનું કાર્ય ત્વરીત સંદર્ભસેવા અને માહિતી સેવા પૂરી પાડવાનું છે. જેના કારણે તેને 'માહિતી કેન્દ્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આવા ગ્રંથાલયમાં મૂળભૂત ૩ તત્વો છે, જેમાં વિશિષ્ટ વાચકો, વિશિષ્ટ સંગ્રહ અને વિશિષ્ટ સ્થાનેથી વ્યક્ત થતી સેવાઓ જેનો અહિં સંગમ થાય છે. તદ્ ઉપરાંત સંશોધન કાર્યક્રમો તથા સંસ્થાકીય પ્રવૃત્તિઓને સહાય કરવાનું કામ આવા ગ્રંથાલયોનું છે. પ્રસ્તુત લેખામા વિશિષ્ટ ગ્રંથાલયનો અર્થ, તેની વ્યાખ્યાઓ, વિશિષ્ટ હેતુઓ અને વર્ગ માટેનાં ગ્રંથાલયો, વિશિષ્ટ ગ્રંથાલયની લાક્ષણિકતાઓ, કાર્યો અને વિશિષ્ટતાઓ રજુ કરેલ છે.

**ચાવીરુપ શબ્દો** :– વિશિષ્ટ ગ્રંથાલય, વિશિષ્ટ હેતુ માટેના ગ્રંથાલયો, વિશિષ્ટ કાર્ય માટેના ગ્રંથાલયો.

## પ્રસ્તાવના :

ગ્રંથાલય ક્ષેત્રમાં થતા નવા નવા આવિષ્કારો તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના વધતા જતા ઉપયોગને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ ગ્રંથાલયોમાં સમયાંતરે પરિવર્તનો જોવા મળે છે.

સંશોધન ગ્રંથાલયોનો મુખ્ય ઉદ્દેશ સંશોધકોને ઝડપી અને ઓછા સમયમાં સેવા પુરી પાડવાનો છે. દા.ત. અટીરા (અમદાવાદ), પી.આર.એલ. (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ), ઇસરો (ISRO) જેવી  સંશોધન સંસ્થાઓનાં ગ્રંથાલયો વિશિષ્ટ પ્રકારના ગ્રંથાલયો છે.

## વિશિષ્ટ ગ્રંથાલયનો અર્થ :

કોઇ વિશિષ્ટ હેતુ, વિષય અથવા ક્ષેત્રનાં ઉપયોગકર્તાઓની માંગની પૂર્તિ કરતા હોય તેવા ગ્રંથાલયને વિશિષ્ટ ગ્રંથાલય કહેવામાં આવે છે. વિશિષ્ટ ગ્રંથાલયને પોતાની પૈતૃક સંસ્થાનાં હોય છે, તે પૈતૃક સંસ્થાઓની માહિતા જરુરિયાતને સંતોષકારક રીતે પૂરી કરવા માટે તેની સ્થાપના અને સંચાલિત કરવામાં આવે છે.  આવા ગ્રંથાલયો કોઇ વિશિષ્ટ વિષયમાં થઇ રહેલાં સંશોધન તથા તેનાં વિકાસમાં સહાયતા કરવાના હેતુ માટે જ તેની સ્થાપના કરવામાં આવે છે. એટલે કે વિશિષ્ટ ગ્રંથાલય સમાજના એક વિશિષ્ટ વર્ગ કે જૂથની સેવા કે જરુરિયાત પૂર્ણ કરવા માટે જ સ્થાપિત કરવામાં આવે છે.

વિશિષ્ટ સંસ્થા સાથે સંલગ્ન આવા ગ્રંથાલયો વિશિષ્ટ ઉપયોગકર્તાઓને વિશિષ્ટ સેવાઓ પૂરી પાડે છે. જે તેના વિશિષ્ટ વિષયના સ્ત્રોતોને પ્રાપ્ત કરવા ગ્રંથાલય સંગ્રહ, સંવર્ધન, સદઉપયોગ, સંરક્ષણ, સુલભતા અને સેવા સાધી આપે છે, તથા તમામ સંગ્રહની ગોઠવણી, પુન: પ્રાપ્તિ અને તેના પ્રસારણ માટે સતત પ્રવૃત્ત રહે છે. આમ, આ વિશિષ્ટ ગ્રંથાલય વિશિષ્ટ વાચકો-ઉપયોગકર્તા, વિશિષ્ટ સંગ્રહ અને વિશિષ્ટ સ્થાનેથી વ્યક્ત થતી સેવાઓનો અહીં સમન્વય થાય છે, જે વિશિષ્ટ વિષયને સંબંધિત વિષયના જૂથ તથા વિશિષ્ટ સામગ્રીના સ્વરુપ સાથે સતત સંબંધ ધરાવે છે.

વિશિષ્ટ ગ્રંથાલયોની સંલગ્ન સંસ્થાઓમાં ઔદ્યોગિક, વ્યાવસાયિક, અંગત-સરકારી અથવા અર્ધ સરકારી એવી કોઇપણ સંસ્થા હોઇ શકે છે. જેનું મુખ્ય કાર્ય સંબંધિત સંસ્થાનાં વિશિષ્ટ ઉદ્દેશો અને સામાજિક ઉત્કર્ષ માટે જ્ઞાનનાં અને માહિતીનાં સ્ત્રોતો યોગ્ય સમયે મેળવી આપે છે. અન્ય કાર્યોમાં સંસ્થાકીય પ્રવૃત્તિઓ, સંશોધન કાર્યમાં સહાયભૂત થવાનું છે. સંશોધનકર્તાઓ અને ઉપયોગકર્તાઓને તેમની જરુરિયાત અનુસાર અદ્યતન માહિતી ત્વરીત પુરી પાડવાનું છે.

## વ્યાખ્યાઓ :

વિશિષ્ટ ગ્રંથાલયો જ્યારથી અસ્તિત્વમાં આવ્યા છે ત્યારથી તેની વ્યાખ્યા આપવાના પ્રયત્નો વિશેષજ્ઞો દ્વારા કરવામાં આવ્યા છે.

ડૉ.એસ.આર.રંગનાથન વિશિષ્ટ ગ્રંથાલયને "વિશેષજ્ઞ ગ્રંથાલય" તરીકે ઓળખાવે છે, જે ગ્રંથાલયનું કાર્ય કોઇ વિશિષ્ટ વિષયક્ષેત્ર ઉદાહરણ તરીકે વિજ્ઞાન ગ્રંથાલય, પી.આર.એલ., ઓટિરા, ઇસરો, ઇ.ડી.આઇ. જેનું કામ તેમના વિષયને અનુરુપ વિસ્તૃત માહિતી પુરી પાડવાનું હોય છે.

એમ.એલ.એમ. હેરોડ (M.L.M. Harrod) તેમના પુસ્તક લાયબ્રેરિયન્સ ગ્લોસરી ઓફ ટર્મસ (Librarian's Glossary of Terms) માં જણાવે છે કે, "વિશિષ્ટ ગ્રંથાલય વિદ્વજગત, સંશોધન સંસ્થાન, ઔદ્યોગિક કે વાણિજ્યિક પ્રતિષ્ઠાનો, સરકારી વિભાગો અથવા ક્યારેક કોઇ શૈક્ષણિક સંસ્થા દ્વારા કોઇ સીમિત ક્ષેત્રમાં પ્રણીત પુસ્તકો તેમજ મુદ્રિત ચિત્રાત્મક (Graphics) અથવા અભિલેખિત (Recorded) સામગ્રીનો સંચય છે. તે કોઇ ચોક્કસ રસના વિષયો ધરાવતા અથવા વ્યવસાયિક જૂથની તમામ માહિતીની જરુરિયાતો માટે કોઇ સાર્વજનિક ગ્રંથાલય દ્વારા ખોલવામાં આવેલી વિશિષ્ટ શાખા પણ હોઇ શકે છે, જે એક તકનિકી ગ્રંથાલય અથવા એક વિશિષ્ટ વિષયનાં ગ્રંથાલય તરીકે સેવા આપે છે. ઉદાહરણ તરીકે સંગીત ગ્રંથાલય."

બ્રોડફિલ્ડ (Brood Field) તેઓ વિશિષ્ટ ગ્રંથાલયની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. "વિશિષ્ટ ગ્રંથાલય એ શૈક્ષણિક, વાણિજ્યિક કે રાષ્ટ્રીય ગ્રંથાલય નથી, અથવા સાર્વજનિક ગ્રંથાલય પણ નથી. કોઇ વિશિષ્ટ વાચકવર્ગને કોઇ સીમિત વિષયક્ષેત્ર ઉપર વિસ્તૃત માહિતી આપવી તે એનો મુખ્ય ઉદ્દેશ છે."

પ્રખ્યાત ગણિતશાસ્ત્રી ડી.જે. ફોસ્કેટ (D.J.Foskett) વિશિષ્ટ ગ્રંથાલયની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "એવું ગ્રંથાલય કે જે એક વિશેષ વાચક વર્ગને સેવા આપે છે, જે એક ગ્રંથાલય કરતાં કંઇક વિશેષ એવું અસ્તિત્વ ધરાવે છે અને તેના સભ્યોની ઓછામાં ઓછી થોડીક પ્રવૃત્તિઓ સમાન લક્ષ્યો અથવા હેતુઓ દ્વારા સંચાલિત હોય છે. આમાં શૈક્ષણિક ગ્રંથાલયો સમાવિષ્ટ નથી કારણ કે તેના ઉપભોક્તાઓ ગ્રંથાલયનો ઉપયોગ પોતાની વ્યક્તિગત જરુરિયાતોની પૂર્તિ માટે કરે છે અને કોઇ પણ અર્થમાં તેમના હેતુઓ સમાન નથી હોતા."

## વિશિષ્ટ ગ્રંથાલયના હેતુઓ :

સામાન્ય રીતે ગ્રંથાલયોમાં શિક્ષણ, મનોરંજન, રમતગમત, સામાન્યજ્ઞાન, સંસ્કૃતિ તથા સામાજિક પ્રવૃત્તિઓને લગતી માહિતી પૂરી પાડવાનો હેતુ હોય છે, જ્યારે વિશિષ્ટ ગ્રંથાલયનો મુખ્ય હેતુ માત્રને માત્ર તેની માતૃસંસ્થાને સહાયક બની રહેવા માટે માહિતી પ્રાપ્ત કરાવવાનો

છે. મોટાભાગે આવી સંસ્થાઓ કોઇ એક મોટા એકમ તરીકે કામ કરતી હોય છે. તેનો હેતુ જે સંસ્થા સાથે સંલગ્ન હોય તેની માહિતી પૂરી પાડવાના હેતુથી કાર્ય કરે છે.

વિશિષ્ટ ગ્રંથાલયો ઔદ્યોગિક, વ્યાપારી, વિણિજ્યિક સંગઠનો, કારાગર, ફિલ્મી-મનોરંજનની દુનિયા, વિકલાંગ, રુગ્ણાલય, નાવિક, સૈનિક, ઉદ્યાન સંશોધન ક્ષેત્ર, આરોગ્ય વિભાગ, સમાજ કલ્યાણની સેવાઓ, સરકારી વિભાગો, મ્યુઝિયમ, કલા-સાહિત્ય જેવા વિવિધ ક્ષેત્ર અંતર્ગત સ્થપાયેલાં હોય છે. આવા ગ્રંથાલયો વિશિષ્ટ વિષય પર કામકરાતું જૂથ, નિષ્ણાત જૂથ જેવાં ઉપયોગકર્તાઓને તેમના ખાસ પ્રકારને ધ્યાનમાં રાખીને આવા ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવે છે.

## વિશિષ્ટ હેતુઓ અને વિશિષ્ટ વર્ગ માટેનાં ગ્રંથાલય :

વિશિષ્ટ ગ્રંથાલયો મુખ્યત્વે વિશિષ્ટ હેતુ માટેના ગ્રંથાલયો અને વિશિષ્ટ વર્ગ માટેનાં ગ્રંથાલયો હોય છે.

**(1) વિશિષ્ટ હેતુ માટેનાં ગ્રંથાલય**

1. સંશોધન ગ્રંથાલય
2. વ્યાવસાયિક સંગઠનોનાં ગ્રંથાલય
3. ઔદ્યોગિક એકમ માટેનાં ગ્રંથાલય
4. પુરાતત્વ ગ્રંથાલય
5. વિદેશી એજન્સીઓનાં ગ્રંથાલય
6. સરકારી વિવિધ વિભાગોનાં ગ્રંથાલય

**(2) વિશિષ્ટ વર્ગ માટેનાં ગ્રંથાલય**

1. બાળ ગ્રંથાલય
2. મહિલા ગ્રંથાલય
3. પૌઢો માટેનાં ગ્રંથાલય
4. અંધજનો માટેનાં ગ્રંથાલય
5. રુગ્ણાલયનાં ગ્રંથાલય
6. કારાગૃહનાં ગ્રંથાલય
7. ધાર્મિક સંસ્થાઓનાં ગ્રંથાલય

વિશિષ્ટ હેતુ માટેનાં ગ્રંથાલયોમાં જોઇએ તો સંશોધન સંસ્થાનાં ગ્રંથાલયો જેમાં વૈજ્ઞાનિક, શૈક્ષણિક કે અન્ય કોઇ સંશોધન સંસ્થાઓ પોતાના સંશોધન કાર્યમાં મદદરૂપ થઇ શકે તે માટે ઝડપી સંદર્ભસેવા પુરી પાડતું ગ્રંથાલય પણ વિકસાવે છે. વ્યાવસાયિક સંગઠનોનાં ગ્રંથાલયો જોઇએ તો વકીલોનાં મંડળો, તબીબી મંડળો, શિક્ષકોનાં મંડળો જે પોતાના વ્યવસાયને લગતાં પુસ્તકો માટેનાં ગ્રંથાલયો ધરાવે છે. જેના વાચકો આવા મંડળના સભ્યો હોય છે. ઔદ્યોગિક એકમોનાં ગ્રંથાલયોમાં મિલ ઉદ્યોગ, રસાયણ ઉદ્યોગ, દવા ઉદ્યોગ, લોખંડ ઉદ્યોગ જે પોતાની પ્રયોગશાળા અને ગ્રંથાલય જરુરથી ધરાવે છે. નવાં નવાં સંશોધનનો લાભ લઇ વિશેષ માહિતી

મેળવી પોતાના ઉદ્યોગમાં લાભ મેળવે છે. પુરાતત્વવિષયક ગ્રંથાલયોમાં પુરાતન ખાતાનાં મ્યુઝિયમ પ્રકારનાં ગ્રંથાલયો તેમાં સંગ્રહવામાં આવતા સાહિત્યને લીધે વિશિષ્ટતા ધરાવે છે. જેમાં હસ્તપ્રતો, દુર્લભ પુસ્તકો, સિક્કાઓ, તામ્રપત્ર, દસ્તાવેજો, માટીની તક્તીઓ વગેરેનો સંગ્રહ હોય છે. આ તમામ સામગ્રીનો ઉપયોગ ગ્રંથાલયમાં બેસીને જ કરવા માટે હોય છે. વિદેશી એજન્સીઓનાં ગ્રંથાલયોમાં વિદેશી સંસ્થાઓ અને પરદેશનાં એલચી ખાતાંઓ દ્વારા આ પ્રકારનાં ગ્રંથાલયો ચલાવાય છે. ભારતમાં બ્રિટિશ કાઉન્સીલનાં આવાં ગ્રંથાલયો મોટા શહેરોમાં જોવા મળે છે. જેમાં આધુનિકરણ વિશેષ જોવા મળે છે. જ્યારે સરકારી ગ્રંથાલયો રાજ્ય સરકારના સીધા વહિવટ હેઠળ ચાલે છે. જેનો વહીવટ સંપૂર્ણ પણે સરકારી ધારાધોરણ પ્રમાણે હોય છે.

આવા ગ્રંથાલયો સાર્વજનિક ગ્રંથાલય જેવાં જ કાર્યો કરે છે. ઉપરાંત સરકારી ગ્રંથાલયો હોવાથી કેટલીક વિશિષ્ટ સેવાઓ પણ પુરી પાડે છે.

વિશિષ્ટ વર્ગ માટેનાં ગ્રંથાલયોમાં જોઇએ તો બાળગ્રંથાલય માત્ર બાળકો માટે જ હોય છે. બાળગ્રંથાલયો એ માહિતી, મનોરંજન, જ્ઞાનવૃદ્ધિ અને આનંદપ્રમોદનું અતિ ઉત્તમ માધ્યમ છે. આવા ગ્રંથાલયો બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન કરવાની સાથે સાથે ફુરસદના સમયનો ઉપગોય તેમનાં સર્વાંગી વિકાસ માટે કરી શકે છે. મહિલા ગ્રંથાલયોમાં મહિલાઓને પોતાના ક્ષેત્રમાં અભિરુચિ મુજબ વાચન સાહિત્ય, પ્રોત્સાહન અને પ્રેરણા માટે અનૌપચારિક રીતે મદદ મળી રહે તે માટે મહિલા ગ્રંથાલયોની ખાસ જરુર હોય છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આજના પરિવર્તન અને ટેક્નોલોજીના યુગમાં મહિલાઓ માટે ગ્રંથાલયયોની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં ગુજરાત રાજ્યમાં અનુદાન લેતાં 66 ઉપરાંત મહિલા ગ્રંથાલયો અસ્તિત્વમાં છે. તેવી જ રીતે પૌઢ શિક્ષણકેન્દ્રનાં ગ્રંથાલયો પણ અસ્તિત્વ ધરાવે છે. નિરક્ષરતાનું પ્રમાણ ઓછું કરવા તથા નવરાશની પળોમાં અક્ષરજ્ઞાનથી માંડીને વાંચન રસિકો માટે વિવિધ વિષયનું સાહિત્ય તેમને અહિંથી મળી રહે છે. અંધજનો માટે બ્રેઇલ લિપિનાં પુસ્તકો અલગ ગ્રંથાલયમાં રાખવામાં આવે છે. આ પ્રકારનાં ગ્રંથાલયની સેવા માત્ર અંધજનોને પુરી પાડવામાં આવે છે. અહીં અંધજનોની મર્યાદાઓ અને સગવડોને ધ્યાનમાં રાખીને માહિતી અને સેવાઓ પુરી પાડવામાં આવે છે. રુગ્ણાલય (દવાખાના)નાં ગ્રંથાલયો જેમાં માંદગી અને દર્દથી પીડાતા વ્યક્તિઓ માટે માનસિક સ્વાસ્થ્ય અને મનોરંજન પુરૂ પાડવામાં આવે છે. તેવીજ રીતે કારાગૃહોનાં ગ્રંથાલયો આવેલાં છે, જે જેલમાં ગુનાખોરીનું માનસ ધરાવતા કેદીઓને સારૂં વાંચન સાહિત્ય પીરસીને સુધરવાની તક પુરી પાડે છે. ધાર્મિક સંસ્થાઓનાં ગ્રંથાલયો જેમાં જે તે સંપ્રદાયના વાચકો તેનો લાભ લઇ શકે છે. ધાર્મિક સંસ્થાઓ શિક્ષણ અને તેના પ્રચારનું કામ કરે છે. આવા ગ્રંથાલયોમાં ધર્મ કે સંપ્રદાયને લગતાં સાહિત્યનો સંગ્રહ જોવા મળે છે. અત્યારના સમયમાં ગુજરાતમાં ફરતાં પુસ્તકાલયો શરુ થયા છે. પુસ્તકાલય વાચકો સુધી જાય છે અને તેમને ધરે બેઠા રસના પુસ્તકો

અને વાંચન સામગ્રી પીરસે છે. એમ.જે. લાઇબ્રેરીનું ફરતું પુસ્તકાલય તેનું ઉત્તમ ઉદાહરણ છે. જે આ સેવા પુરી પાડે છે.

## વિશિષ્ટ ગ્રંથાલયની લાક્ષણિકતાઓ :

વિશિષ્ટ ગ્રંથાલયોમાં દરેક કાર્ય માહિતીસેવા પુરી પાડવાનું છે. સૌ પ્રથમ ઉપયોગકર્તાની માંગને પૂર્ણ કરવામાં આવે છે. બીજીબાજુ તેને હવે પછીની જરુરિયાત અનુસાર માહિતી તૈયાર કરી આપવામાં આવે છે.

- ગ્રંથાલયની માતૃસંસ્થાનાં કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને પુસ્તકો, સામયિકો વગેરે પરંપરાગત માહિતી સ્ત્રોતોની પસંદગી કરવામાં આવતી હોય છે. તે ઉપરાંત અન્ય માહિતી સ્ત્રોતમાં ન્યુઝપેપર કટિંગ, વ્યાવસાયિક અભિલેખો, ઔદ્યોગિક અને વ્યાવસાયિક ક્ષેત્રની સૂક્ષ્મ માહિતી, પેટન્ટ્સ, આંકડાકીય માહિતી, સંશોધન અહેવાલો, સંસ્થાનું મુખપત્ર, સરકારી દસ્તવેજો વગેરે પણ હોય છે.
- ઉપયોગકર્તાને માહિતી સરળતાથી પ્રાપ્ત થઇ શકે તે હેતુથી ગ્રંથાલય સામગ્રીનું વર્ગીકરણ, સૂચિકરણ અને નિર્દેશીકરણની સરળ પદ્ધતિ પસંદ કરવામાં આવે છે.
- ઉપભોક્તાને તેની માંગ મુજબની માહિતી સુધી પહોંચાડવા માટે માહિતીના જાણકારની મદદ પણ લેવામાં આવે છે. તેને ધ્યાનમાં લઇને ગ્રંથાલયના કર્મચારીઓને પણ તેની ટ્રનીંગ આપવામાં આવે છે.
- ઉપભોક્તાઓને તેમના સંશોધન સંબંધી અદ્યતન ઘટનાઓ-પ્રવાહોની જાણકારી મળતી રહે તે માટે વિશિષ્ટ ગ્રંથાલયો સામયિકોનાં અદ્યતન અંકોનું પરિસંચરણ (Routing) તે સામાન્યપણે અપાતી સેવાઓમાંની એક સેવા છે.
- સામયિકોના નવા અંકોની અનુક્રમણિકાકરણ સેવા આ ગ્રંથાલયો દ્વારા આપવામાં આવે છે.
- તદ્ઉપરાંત સારસંક્ષેપ સેવા, બુલેટિનબોર્ડ સેવા, સમાચાર સારાંશ, વિવરણાત્મક સૂચિઓ તૈયાર કરી ઉપયોગકરતાઓ સુધી પહોંચાડવાનું કામ વિશિષ્ટ ગ્રંથાલય કરે છે.
- વિશિષ્ટ ગ્રંથાલયમાં કર્મચારીઓની સંખ્યા ખૂબ ઓછી હોય છે.
- વર્તમાન સમય એ ટેક્નોલોજીનો યુગ છે. જેમાં દિવસેને દિવસે નવા નવા સંશોધનો અને વિકાસ થતો રહે છે. તેને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ ગ્રંથાલયોમાં પણ ઇન્ટરનેટ સેવાઓ, ઇ-બુક્સ, ઇ-જર્નલ તથા ગ્રંથાલયને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવામાં આવ્યા છે. જેથી ઉપયોગકર્તાને સરળતાથી સચોટ માહિતી મળી શકે.

આમ, હાલમાં મોટાભાગની સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરી માહિતીસેવાઓનું આધુનિકરણ કરવામાં આવ્યું છે.

## વિશિષ્ટ ગ્રંથાલયના કાર્યો અને વિશેષતાઓ :

વિશિષ્ટ ગ્રંથાલયો એ માહિતીનું ઉત્પાદન, સંગ્રહ અને ઉપયોગની શક્તિ પ્રદાન કરતાં કેન્દ્રો છે.

- વિશિષ્ટ ગ્રંથાલયોનું કાર્ય સંશોધન કાર્યક્રમો તથા સંસ્થાકીય પ્રવૃત્તિઓને સહાયભૂત થવાનું છે. તેમના ઉપયોગકર્તાઓ પણ વિશિષ્ટ હોય છે.
- આવા ગ્રંથાલયો પરંપરાગત બીજા ગ્રંથાલયોથી વિશેષ પ્રકારે જુદા હોય છે.
- પોતાની પૈતૃક સંસ્થાને ધ્યાનમાં રાખીને માહિતી-માહિતી સામગ્રીનો સંગ્રહ, સંરક્ષણ અને તેની પુન:પ્રાપ્તિ કરી આપવાનું છે.
- પોતાની માતૃસંસ્થાની સતત વિકાસશીલ માહિતીની જરુરીયાત અનુસાર માહિતી એકત્રીકરણ, ડેટા સંગ્રહ, સારસંભાળ સંગ્રહ કરી તેની પુન: પ્રાપ્તિ કરે છે.
- માહિતીનું પૃથક્કરણ, સંયોજન અને મૂલ્યાંકન કરવું.
- તે પોતાની પૈતૃક સંસ્થાનાં સ્ટાફને જ સેવાઓ આપે છે.
- આલોચનાત્મક અહેવાલો અને સમીક્ષાઓ, મોનોગ્રાફ્સ, અહેવાલોને સુલભ કરી આપવી.
- વિષયને અનુરુપ સંદર્ભ પ્રશ્નોનાં જવાબો, મહિતીસેવાઓ તથા વાંઙ્મયસૂચિઓ પુરી પાડી માહિતી પ્રસાર દ્વારા સંશોધનને પ્રોત્સાહન પુરુ પાડે છે.
- વિષય સંબંધી સાહિત્યશોધ, અનુવાદ સેવા, સારાંશ સૂચિ, પુનર્મુદ્રણો તથા સંદર્ભો પુરા પાડે છે. સારસંક્ષેપ અને નિર્દેશીકરણ ઉપલબ્ધ કરાવે છે.
- ગ્રંથાલયના પુસ્તકોની સૂચિઓ, મુખપત્રો, સારાંશ અને માર્ગદર્શિકાઓ તૈયાર કરી ઉપયોગકર્તા સુધી પહોંચાડે છે. તે એવી માહિતી તરફ ઉપયોગકર્તાઓને નિર્દેશ કરે છે જેમને તેમના સંશોધનકાર્યને સંબંધિત વિસ્તૃત માહિતીની જરુરિયાત હોય છે.
- તે વિશિષ્ટ વિષય ક્ષેત્રોમાં જટિલ સાહિત્યને શોધીને ઉપયોગકર્તાઓને આપે છે.
- સામુહિક તેમજ વ્યક્તિગત પ્રેફાઇલ મુજબ પસંદગીયુક્ત માહિતી સેવા તથા અદ્યતન અવબોધન સેવા પુરી પાડે છે. તેમજ ઉપયોગકર્તાઓને ઉચ્ચસ્તરીય રી-પેકેજિંગ સેવાઓ પુરી પાડે છે.

**સમાપન :**

વિશિષ્ટ ગ્રંથાલયો પોતાના વાચકો સભ્યોને તેમના ક્ષેત્રની માહિતી પોતાના સમૃદ્ધ ખજાનામાંથી સચોટ માહિતી પુરી પાડે છે. પુસ્તકો, સામયિકો, અહેવાલો, ઇન્ટરનેટ સેવા તથા અગ્રંથ જેવી પ્રકાશિત થયેલ માહિતી પુરી પાડે છે. જેથી ઉપયોગકર્તા પોતાનું કાર્ય ઝડપી અને સરળતાથી પાર પાડી શકે.

## સંદર્ભગ્રંથો :-


1. ચારણ, શિવદાનભાઇ (૧૯૯૧). ગ્રંથાલય : ઇતિહાસ-સામાજિક સંદર્ભ. અમદાવાદ : ગ્રંથાગાર. પૃષ્ઠ. ૩૧ થી ૩૩.
2. ઠાકર, ધીરુભાઈ (સંકલન). (૧૯૯૪). ગુજરાતી વિશ્વકોશ ખંડ-૬. અમદાવાદ : ગુજરાત વિશવકોશ ટ્રસ્ટ. પૃ.૭૦૭ થી ૭૦૮.
3. મકવાણા, જે.સી. (૨૦૧૯). શૈક્ષણિક ગ્રંથાલય પ્રવૃત્તિઓ. વલ્લભ વિદ્યાનગર : એ. એસ.એફ. કમ્પ્યુટર.
4. મીના, રામકેશ. (૨૦૧૧).
5. લાલ, સી. અને કુમાર, કે. (૨૦૧૦) ગ્રંથાલય એવમ્ સૂચના વિજ્ઞાન, નવી દિલ્હી : એસ. એસ. પબ્લીકેશન્સ. પૃ.૩૬૮ થી ૩૬૯.
6. Website : https://hi.wikipedia.org/wiki/पुस्तकालय



**દક્ષા ગોવિંદભાઈ પટેલ**

રીસર્ચ સ્કોલર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

અમદાવાદ